Date :- 15-09-2024
Gujarat Samachar, Page-14, Surat

### ત્રીજીવાર વડાપ્રધાન બન્યા પછી પ્રથમ વખત આવી રહ્યાં છે

# મોદી આજથી બે દિવસ ગુજરાતની મુલાકાતે, મેટ્રોરેલમાં મુસાફરી કરશે

ગાંધીનગર, શનિવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ ૧૫મી સપ્ટેમ્બરથી બે દિવસની ગુજરાત મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ વડસર એરફોર્સ સ્ટેશનની મુલાકાત લેશે, મહાત્મા મંદિરની ગ્રીન એનર્જી ઈવેન્ટનું ઉદ્દઘાટન કરશે. ગાંધીનગરની મેટ્રોરેલનું લોકાર્પણ કરી સફર કરશે અને જીએમડીસી ગ્રાઉન્ડના કાર્યક્રમમાં હાજર રહેશે.લોકસભાની ચૂંટણી પછી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા પછી મોદી પ્રથમવાર ગુજરાત આવી રહ્યાં હોવાથી તેમનું ભવ્ય સ્વાગત કરાશે. તેઓ ૧૫મીએ ચાર વાગ્યાની આસપાસ દિલ્હી થી અમદાવાદ એરપોર્ટ પર ઉતરશે અને ૧૭મીએ તેઓ એક કાર્યક્રમ માટે ભૂવનેશ્વર જશે.

ગુજરાતની મુલાકાત દરમ્યાન મોદી બે રાત્રી ગાંધીનગરના રાજભવનમાં રોકાશે, જ્યાં મુખ્યમંત્રી સહિત કેબિનેટના સભ્યો, સરકારના ઉચ્ચ અધિકારીઓ અને પ્રદેશના પ્રમુખ નેતાઓ સાથે મુલાકાત કરી વર્તમાન સ્થિતિની સમીક્ષા કરશે. મોદી એવા સમયે આવી રહ્યાં છે જ્યારે ગુજરાતના કેટલાક વિસ્તારો પૂર અને અતિવૃષ્ટિથી પ્રભાવિત થયેલા છે. આ અંગે પણ તેઓ સરકારને માર્ગદર્શન આપશે.

નરેન્દ્ર મોદી ૧૫મી સપ્ટેમ્બરે વડસર

(અનુસંધાન ૪થે પાને)

**વડાપ્રધાન મોદીના કાર્યક્રમો :**

૧૫મી સપ્ટેમ્બર :
સાંજે ૩.૪૫: અમદાવાદમાં આગમન
સાંજે ૪.૩૦ : વડસર એરફોર્સ સ્ટેશનની મુલાકાતે
સાંજે ૬.૦૦: રાજભવનમાં મંત્રણા-સમીક્ષા
૧૬મી સપ્ટેમ્બર
સવારે ૧૦.૦૦: મહાત્મા મંદિરની ઈવેન્ટમાં હાજરી
૧૦.૧૫: ગ્લોબલ રિ-ઈન્વેસ્ટ રિન્યૂએબલ એનર્જી સમિટમાં પ્રવચન
બપોરે ૧૨.૦૦: રાજભવનમાં રોકાણ
બપોરે ૧.૩૦: મેટ્રોરેલનું લોકાર્પણ અને સફર
બપોરે ૩.૩૦: જીએમડીસીના કાર્યક્રમમાં હાજરી
સાંજે ૬.૦૦: રાજભવન પરત અને રાત્રી રોકાણ
૧૭મી સપ્ટેમ્બર
સવારે ૯.૦૦: ઓડિસાના ભૂવનેશ્વર જવા રવાના

## વડસર એરફોર્સ સ્ટેશન, મહાત્મા મંદિરની ઈવેન્ટ, ગિફ્ટ સિટીની સફર અને GMDC ગ્રાઉન્ડના કાર્યક્રમોમાં હાજરી આપશે